રજુ તારીખ – ૧૭/૦૨/૨૦૨૬
દાખલ તારીખ– ૧૭/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ – ૧૩/૦૩/૨૦૨૬
અવધિ – વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૨૪

**આંક– ૦૭**

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૩૧૫/૨૦૨૬**

---

**અરજદાર – જગદીશકુમાર ઉધારામ રાજુરામ ચારણ,**
ઉ.વ.આ.૨૮, ધંધો–ડ્રાઈવીંગ,
ઠે. ખરીન્ગા, કુવા વિસ્તાર સવા ગામ,
થાના સવા, જી.બાડમેર, રાજસ્થાન.
હાલ : જીલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ટી.એચ.બોરીચા.
સામાવાળા તર્ફે વિ.સ્પે.પી.પી.શ્રી વી.આર.દેવમુરારી.

---

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદાર/આરોપી તર્ફે વલ્લભીપુર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૫૨૬૦૦૩૯/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ તથા ૮૩ મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ હેઠળ કરવામાં આવેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતા ગુન્હામાં કોઇ ભાગ ભજવેલ નથી. તેઓને ખોટી રીતે સદર ગુન્હામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી કે મુદ્દામાલ અંગે અરજદાર/આરોપી કશુ જાણતા નથી. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય ગુન્હો બનતો નથી. વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી એક મહિનાથી જેલમાં છે. અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે અને તેઓ ઉપર તેમના પરિવારની જવાબદારી છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો તેમનો પરિવાર વેરવિખેર થઇ જાય તેમ છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી-ભાગી જાય તેમ નથી. કોઇ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. તેમજ નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. તેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ તથા ૮૩ મુજબના ગુન્હાના આક્ષેપો છે. કુલ કિંમત રૂા.૧૦,૩૨,૧૯૨/- નો મોટા જથ્થામાં પ્રોહી મુદ્દામાલ મળી આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. સહઆરોપીને પકડવાના બાકી છે. અરજદાર/આરોપી હેબીચ્યુઅલ ઓફેન્ડર છે. જામીન મુકત કરવામાં આવશે તો ફરી આ પ્રકારના ગુન્હા કરે તેમ છે. જેથી અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજી હકીકત વંચાણે લીધી. આ કામે બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલ ધ્યાને લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક-૩

થી રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના અરજદાર/આરોપી સામે વલ્લભીપુર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૬૫૨૬૦૦૩૯/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ તથા ૮૩ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને સદર ગુન્હાના કામે અરજદાર/આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમીના આધારે વોચમાં હતા તે દરમિયાન આ કામના અરજદાર/આરોપીએ પોતાના કબજા હવાલાવાળી સફેદ કલરની બોલેરો પીકઅપ ગાડી રજી. નં. GJ–08–AU–5706 માં પાછળના ભાગે બનાવેલ લોખંડના ટાંકા ઉપર ''ગટર ખાલી કરવા માટે સમ્પર્ક કરો'' તેવું લખાણ લખેલ ટાંકામાં ગેરકાયદેસર ભારતીય બનાવટની ઇંગ્લીશ દારુની અલગ–અલગ કંપનીની પ્લાસ્ટીકની કંપની સીલપેક નાની કુલ બોટલ નંગ–૩૫૦૪ દારુ લીટર ૬૩૦.૭૨ જેની કિંમત રૂ.૧૦,૩૨,૧૯૨/– ના પ્રોહી. મુદ્દામાલ સાથે પકડાઇ જઇ, આ પકડાયેલ અરજદાર/આરોપીને આ ઇંગ્લીશ દારુનો જથ્થો ભરેલ ગાડી પકડવાના બાકી સહઆરોપી હનુમાન ભગવાનારામ બીશ્નોઇ તથા વિકાસ માંગીલાલ બિશ્નોઇ તથા વિકાસના પિતા માંગીલાલ બિશ્નોઇએ આપેલ હતી અને આ દારુનો જથ્થો જુનાગઢ જિલ્લાના ડુંગરપુર ગામે બાપુ નામે ઓળખાતા માણસને આપવા માટે જતા હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે અને એક સહઆરોપીઓને પકડવાના બાકી છે. તેમજ ત.ક.અમલદાર ધ્વારા તેમના સોગંદનામામાં તથા વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની દલીલમાં જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો આ કામે પકડવાના બાકી આરોપીને નસાડી ભગાડી મુકે અને પુરાવાનો નાશ કરે અને ફરીથી આ પ્રકારની પ્રોહી.ને લગતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરે તેવી જે શકયતાઓ હોવાનું જણાવેલ છે તે હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ અરજદાર/આરોપી ગુજરાત બહારના રાજયના રહેવાસી છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે અને નાસી ભાગી

જાય તો અરજદાર/આરોપી સામે સદર ગુન્હાની તપાસ તથા ટ્રાયલ વિલંબમાં પડે તેમ છે. તેમજ દિનપ્રતિદિન આ પ્રકારના ગુન્હાઓનું પ્રમાણ વધતુ જાય છે. જો અરજદાર/આરોપીને હાલના તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની સમાજ પર વિપરીત અસર પડે તેમ છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/આરોપીનો સદર ગુન્હાના કામે રોલ, ગુન્હાની હકીકત અને ગુન્હાનો પ્રકાર તથા ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઈ તથા આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, હાલના તબકકે આરોપીને જામીન મુકત કરવા અંગેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ આ કામના અરજદાર/આરોપીની તરફેણમાં કરવો ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૧૩'મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૩/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693